ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૪૮/૧૯–૨૦/3656 તારીખ : 13 SEP 2019

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**આચાર્યશ્રી,**
**જે. પી. પારેખ હાઈસ્કુલ,**
વાસી તળાવ ગેટ,
મુ.મહુવા – ૩૬૪ ૨૯૦

કેસ નં.૪૮/૧૯–૨૦

**વિષય : વિદ્યુત શુલ્કની રકમ અંગે રજુઆત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.નીલ અત્રેની કચેરીને મળ્યા તા.૨૭.૦૭.૨૦૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૮/૧૯–૨૦/૨૯૭૦ તા.૩૧.૦૭.૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૮/૧૯–૨૦/૩૨૭૬ તા.૨૨.૦૮.૨૦૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૦૬/૦૯/૨૦૧૯** નાં રોજ રજુઆત કરવા ફોરમ સમક્ષ ઉપસ્થિત રહેવા જણાવેલ જેમાં તમો હાજર રહેલ નથી. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**(એમ. પી. સોલંકી)**
**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણઃ– ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **મહુવા શહેર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર – ૪૮/૧૯–૨૦**

વાદી :– આચાર્યશ્રી, જે. પી. પારેખ હાઈસ્કુલ

**વિરૂઘ્ઘ**

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

**રજુઆતની તારીખ:– ૦૬.૦૯.૨૦૧૯**

હાજર રહયા :– ગેરહાજર

પ્રતિવાદી :– શ્રી વી. જે. બારડ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

આચાર્યશ્રી, જે. પી. પારેખ હાઈસ્કુલ, મુ.મહુવા, જી.ભાવનગરની વિદ્યુત શુલ્કની રકમ અંગેની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૪૮/૧૯–૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૪૮/૧૯–૨૦/૨૯૭૦ તા.૩૧.૦૭.૨૦૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૦૬.૦૯.૧૯ ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદીશ્રી હાજર રહેલ નથી તથા પ્રતિવાદી તરફેશ્રી વી. જે. બારડ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

**વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ જયભારત સાથે આ કામના વાદી એવા અમો સામાવાળા નં.૧ મહુવા વિભાગીય કચેરીના તાબા નીચે આવતી સામાવાળા નં.૨ મહુવા શહેર પેટા વિભાગીય કચેરીના ટ્રસ્ટ લાઈટીગના શૈક્ષણિક હેતુ માટેના અનુક્રમે ૩ (ત્રણ) શ્રી ફેઈઝ વીજ્જોડાણ ધરાવીએ છીએ.

૧. જે. પી પારેખ હાઈસ્કુલ ગ્રાહક નંબર ૩૭૧૦૩/૫૦૦૮૭/૦

૨. જે. પી પારેખ હાઈસ્કુલ ગ્રાહક નંબર ૩૭૧૦૩/૦૦૪૯૫/૧

૩. જે. પી પારેખ હાઈસ્કુલ ગ્રાહક નંબર ૩૭૧૦૩/૫૦૫૬૬/૦

૧.૨ અમો વાદી ધી સોસાયટી રજીસ્ટ્રેશન એકટ ૧૮૬૦ તેમજ ધી બોમ્બે ટ્રસ્ટ એકટ ૧૯૫૦ ના કાયદા તળે નોંધણી થયેલ "શ્રી મહુવા કેળવણી સહાયક સમાજ મહુવા" દવારા સંચાલીત રાજ્ય સરકારશ્રીની ૧૦૦% નીભાવ તેમજ વેતન

..૨..

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

અનુદાન મેળવતી સંસ્થા/ શાળા છીએ. અને તે રીતે અમોને મળતા નીભાવ તેમજ વેતન અનુદાન ના સંપૂર્ણપણે સરકારશ્રીના 'પબ્લીક મની' છે. અમો કોઈ જ જાતનું નાણાકીય ઉપાર્જન કરતા નથી કે કોઈપણ જાતનો વ્યવસાય કરી આવક મેળવતા નથી.

૧.૩ સામાવાળા નં.૧ તાબા તળે આવતી સામાવાળા નં.૨ મહુવા શહેર પેટા વિભાગીય કચેરીના પત્ર નં.મહુવા શહેર/ ૧૭૩૧ અને ૧૭૩૨ અને ૧૭૩૩ તા.૨૦.૦૫.૨૦૧૯ દવારા અમો પાસેથી ઈ.ડી.ની રકમ વસુલ લેવા કહેવાતી નોટીસ આપવામાં આવી છે. સદરહુ 'નોટીસ' નો અમો સ્વીકાર કરતા નથી કે આવી કોઈ જ રકમ બાકી હોવા અંગે અમોની સ્પષ્ટ ઈન્કારી છે. અમો દવારા જે તે સમયના વીજ વપરાશના બીલના નાણા ચુકવી દેવામાં આવે છે. તેથી પાછલી બાકી ઈ.ડી.ની રકમ ચુકવવા અમો જવાબદેહ નથી.

૧.૪ પ્રસ્તુત નોટીસ માં સંદર્ભ ૧ થી ઓડીટ વર્ષ ૨૦૧૭–૨૦૧૮ એનેક્ષર એમ થી ઈ.ડી. રીકવરીની રકમ દિવસ ૧૦ માં ભરપાઈ કરવા જણાવેલ છે. જે ગેરકાયદેસર અને નિયમોની વિરૂધ્ધ ની કાર્યવાહી હોવાનું અમોનું માનવું છે. કેટલા સમયથી બાકી રકમ છે? કેટલી રકમ બાકી છે? ઓડીટર કઈ કેપેસીટી એ સદર રકમ માગી રહયા છે? કયા વિભાગનું ઓડીટ છે? કે કોઈ જ પ્રકારની નાણાકીય વિગતો આપ્યા વગર આવી નોટીસ આપી શકાય નહી.

૧.૫ કલે. ઓફ ઈ.ડી.ના પરીપત્ર મુજબ સામાવાળા નં.૨ દવારા "વિદ્યુત શુલ્ક" ની કોલમમાં સદર હેડની કોઈ જ રકમ સ્પષ્ટ દર્શાવવી જોઈએ. રકમની જાણ થયા વગર ગ્રાહક કઈ રીતે ચુકવણું કરી શકે? આવી કોઈ જ રકમ કોઈ બીલમાં દર્શાવ્યા વીના સીધા ઓડીટરના રીમાર્ક ના આધારે ઈ.ડી.ની રકમ ગ્રાહકના ખાતે "ડેબીટ" કરવી તે 'બેડ ઈન લો' હોઈ ચુકવવા પાત્ર ન હોઈ શકે.

૧.૬ ઉપરોકત બીના એ આપ મંચ સમક્ષ નીચે મુજબની દાદ માગતી દરખાસ્ત રજુ કરવામાં આવે છે.

૧. સરકારી નાણાથી ચાલતી 'લોકલ બોડી' સંચાલીત શૈક્ષણીક સંસ્થા હોઈ ઈ.ડી.ની રકમ તમામ રકમ વેઈવ કરવી.

૨. અમોને આપેલા બીલમાંથી સદર રકમ બાદ કરી અમોના વીજ વપરાશના બીલનાં સ્વીકાર કરવા યોગ્ય આદેશ કરવા.

૩. જયાં સુધી આ અંગે કોઈ આખરી નિર્ણય ન થાય ત્યાં સુધી અમોના વીજજોડાણ વીના અવરોધથી શરૂ રાખવા યોગ્ય આદેશ આપના સ્તરેથી કરવા.

૪. કલે. ઓફ ઈ.ડી.ના પરીપત્ર મુજબ સામાવાળા નં.૦૨ દવારા "વિદ્યુત શુલ્ક" ની કોલમમાં સદર હેડની રકમ સ્પષ્ટ દર્શાવવા યોગ્ય હુકમ કરવા.

૫. સદરહુ સમગ્ર પ્રકરણ આ અંગેના સક્ષમ અને સબંધીત સતાવાળા તેમજ ન્યાયના મંચ સમક્ષ રજુ કરવાનો અમોનો અગ્ર હકક અબાધીત રાખી આ રજુઆત કરી રહયા છીએ.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ અરજદારનું નામઃ– શ્રી આચાર્ય જે.પી. પારેખ હાઈસ્કુલ, ટેરીફ :– GLP, ગ્રાહક નં.૩૭૧૦૧/૫૦૦૮૭/૦, ૩૭૧૦૩/૦૦૪૯૫/૧, ૩૭૧૦૧/૫૦૫૬૬/૦ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૨.૨ કનેકશન રીલીઝ તા.:– ૧/૧૨/૧૯૯૬, ૦૫/૦૫/૨૦૦૮, ૨૪/૧૧/૨૦૧૦

૨.૩ ઈન્ટરનલ ઓડીટ, સર્કલ ઓફીસ, પોરબંદરની ટીમ દવારા વર્ષ ૨૦૧૭–૨૦૧૮ નું તા.૧૧/૩/૧૯ થી ૧૯/૩/૧૯ દરમ્યાન ઓડીટ કરેલ. જેના ઓડીટ રીપોર્ટ પત્ર નં.૦૧ તા.૦૧/૦૪/૧૯ થી મહુવા શહેર પેટા વિભાગીય કચેરીના જે.પી. પારેખ હાઈસ્કુલના ત્રણ વીજજોડાણમાં ઈ.ડી.ની રીકવરી કાઢેલ છે.

૨.૪ વાદીને સદર ઈ.ડી. રીકવરીની જાણ મહુવા શહેર પેટા વિભાગીય કચેરી દવારા નોટીસ નં.૧૭૩૧, ૧૭૩૨, ૧૭૩૩ તા.૨૦/૫/૧૯ ના રોજ કરેલ છે.

૨.૫ વાદીના ઉપરોકત ત્રણેય વીજજોડાણમાં ઈ.ડી.ની રીકવરીની તા.૨૭/૫/૧૯ ના રોજ ડેબીટ ભરેલ છે.

૨.૬ સદર બાબતે મહુવા શહેર પેટા વિભાગીય કચેરી દવારા તા.૫/૮/૧૯ ના રોજ જવાબ આપેલ છે જે મુજબ વર્ષ ૨૦૧૭–૨૦૧૮ ના ઓડીટ રીપોર્ટ મુજબ જે.પી.પારેખ હાઈસ્કુલના વીજજોડાણ ગ્રાહક નં.૩૭૧૦૧/૫૦૦૮૭/૦ માં સપ્ટેમ્બર–૧૧ થી ફેબ્રુઆરી–૧૯ સુધી કુલ રીકવરી રૂા.૨૪૭૮.૧૩ તેમજ ૩૭૧૦૩/૦૦૪૯૫/૧ માં જુલાઈ–૧૪ થી ફેબ્રુઆરી–૧૯ સુધી કુલ રીકવરી રૂા.૫૧૩૮૬.૨૦ તેમજ ૩૭૧૦૧/૫૦૫૬૬/૦ માં સપ્ટેમ્બર–૧૧ થી નવેમ્બર–ડીસેમ્બર–૧૮ સુધી કુલ રીકવરી રૂા.૨૯૯૧.૧૮ કાઢેલ છે.

૨.૭ વાદીની તા.૧૯/૬/૧૯ ની અત્રેની કચેરીને વિદ્યુત શુલ્કની રકમ બાબતે રજુઆત કરેલ હતી જે રજુઆત અત્રેની કચેરીના પત્ર નં.૪૭૦૨ તા.૪/૭/૧૮ ના રોજ જવાબ આપવામાં આવેલ છે જે મુજબ તેના દવારા વિદ્યુત શુલ્ક સમાહર્તાશ્રી, ગાંધીનગર કચેરીનો વિદ્યુત શુલ્ક માફી અંગેનો પત્ર રજુ થયેથી તેમના ત્રણેય વીજજોડાણમાં ઈ.ડી. માફી બાબતે મહુવા શહેર પેટા વિભાગીય કચેરી દવારા જરૂરી કાર્યવાહી કરવામાં આવશે.

૨.૮ પીજીવીસીએલ કંપનીના જી.એલ.પી. ટેરીફ મુજબ Educational Insti. Urban માં ૧૫% ઈ.ડી. લાગે છે અને જે મુજબ ઓડીટ ટીમ દવારા રીકવરી કાઢેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે.

૨.૯ આમ વાદીનાં ત્રણેય વીજજોડાણમાં કાઢવામાં આવેલ ઈ.ડી.ની રીકવરી યોગ્ય છે, જે વાદીએ ભરવાપાત્ર છે.

☞ <u>ફોરમનું તારણ</u> :– **વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર આચાર્યશ્રી, જે. પી. પારેખ હાઈસ્કુલ, ગામ–મહુવામાં ટ્રસ્ટ લાઈટીંગ શૈક્ષણિક હેતુ હેઠળ શિક્ષણ સંસ્થા માટે જે.પી.પારેખ હાઈસ્કુલ ના નામનાં ત્રણ થ્રી ફેઈઝ વીજજોડાણ ગ્રાહક નં.૩૭૧૦૩/૫૦૦૮૭/૦, ૩૭૧૦૩/૦૦૪૯૫/૧, ૩૭૧૦૩/૫૦૫૬૬/૦ છે.

૩.૨ પ્રતિવાદી દવારા વાદીનાં ત્રણેય વીજજોડાણ પૈકી બે વીજજોડાણમાં ફેબ્રુ–'૧૯ સુધી અને એક વીજજોડાણમાં ડીસે.–'૧૮ સુધી વિદ્યુત શુલ્ક લગાવવામાં આવતો ન હતો. પ્રતિવાદીનાં ઓડીટ સેકશન દવારા ઓડીટ કરતાં ઈલે. ડ્યુટીનાં ટેરીફ મુજબ ૧૫% ઈલે. ડ્યુટી લાગતી હોય, ત્રણેય વીજજોડાણમાં ઈલે. ડ્યુટીની વસુલાત માટે ઓડીટ કાઢેલ.

૩.૩ પ્રતિવાદીએ વાદીને તેમના ત્રણેય વીજજોડાણ માટે ઈલે. ડ્યુટીની રીકવરી માટે રૂા.૨,૪૭૮.૧૩, રૂા.૫૧,૮૩૬.૨૦ અને રૂા.૨,૯૯૧.૧૮ પૈસાનું ઈલે. ડ્યુટી વસુલાત માટેનું પુરવણી બીલ આપેલ જેના માટે વાદીએ ફોરમને રજુઆત કરેલ છે.

Consumer Grievances Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૩.૪ વાદીને પ્રતિવાદીએ લગાડેલ ૧૫% ઈલે. ડયુટી સામે વાંધો હોય તેમજ ફોરમ ઈલેકટ્રીક ડયુટી સબંધિત રજુઆતો/ ફરીયાદ ફોરમનાં કાર્યક્ષેત્રમાં ન હોય આથી ફોરમનો કોઈ હુકમ નથી તેમજ વાદીએ ઈલે. ડયુટીની રજુઆત અંગે ગુજરાત સરકારશ્રીના સબંધિત વિભાગને **"ઓફીસ ઓફ ધી કલેકટર ઓફ ઈલે. ડયુટી"** ને રજુઆત કરવી.

## <u>–:: હુકમ ::–</u>

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૪ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| (બી. જે. દવે) | (પી. એન. આજકીયા) | (એમ. આર.વજરીયા) |
| **સ્વતંત્ર સભ્યશ્રી** | **ટેકનીકલ સભ્યશ્રી** | **અધ્યક્ષશ્રી,** |
| | | **ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ** |
| | | **પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.** |

તારીખ :– ૦૬.૦૯.૨૦૧૯

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar